# 35

**બનાસકાંઠા જિલ્લામાં એપીએમસીમાં થયેલ ગેરરીતિની ફરિયાદો**

* 15/4/835 : **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૮/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૪૩૯ (અગ્રતા-૨૨)ના અનુસંધાને માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં એપીએમસીમાં થયેલ ગેરરીતિ અંગેની ૪ (ચાર) એપીએમસીની ૮ ફરિયાદ મળેલ તે ફરિયાદો અંગેની કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ૪ એપીએમસીની ૮ ફરિયાદ મળેલ હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૩ ફરિયાદ કાર્યવાહી હેઠળ છે અને અન્ય ૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે કયા જવાબદારો સામે શા પગલાં લીધા, અને | (૨) ૪ એપીએમસીની ૮ ફરિયાદો પૈકી એપીએમસી, લાખણીની ચાર ફરિયાદ અન્વયે એપીએમસી, લાખણીમાં વહીવટદાર મુકેલ છે. ૧ ફરિયાદ દફતરે કરેલ છે અને ત્રણ ફરિયાદમાં કાર્યવાહી ચાલુ છે. |
| (૩) ઉક્ત મળેલ ફરિયાદો અંગેની કાર્યવાહી પૂર્ણ કરી પગલાં લેવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરીને પગલાં લેવામાં આવશે? | (૩) મળેલ કુલ ૮ ફરિયાદ પૈકી ૫ ફરિયાદનો નિકાલ થયેલ છે. જ્યારે ૩ ફરિયાદ અરજી વહીવટી કારણોસર પડતર હોઈ, તેનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |